# સંધ્યા આરતી

જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,

અક્ષરપુરુષોત્તમ જય, દર્શન સર્વોત્તમ... જય સ્વામિનારાયણ....ટેક

મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્,

સર્વોપરી કરુણાકર, માનવ તનુધારમ્... જય સ્વામિનારાયણ....1.

પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ,

અક્ષરબ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ... જય સ્વામિનારાયણ....2.

પ્રકટ સદા સર્વકર્તા, પરમ મુક્તિદાતા,

ધર્મ એકાંતિક સ્થાપક, ભક્તિ પરિત્રાતા... જય સ્વામિનારાયણ....3.

દાસભાવ દિવ્યતા સહ, બ્રહ્મરૂપે પ્રીતિ,

સુહૃદભાવ અલૌકિક, સ્થાપિત શુભ રીતિ... જય સ્વામિનારાયણ....4.

ધન્ય ધન્ય મમ જીવન, તવ શરણે સુફલમ્,

યજ્ઞપુરુષ પ્રવર્તિત સિદ્ધાન્તં સુખદમ્... જય સ્વામિનારાયણ, જય અક્ષરપુરુષોત્તમ,

જય સ્વામિનારાયણ....5.

## ધૂન

રામકૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ !

હરે રામ ગોવિંદ, જય જય ગોવિંદ ! ॥1॥

નારાયણ હરે, સ્વામિનારાયણ હરે !

સ્વામિનારાયણ હરે, સ્વામિનારાયણ હરે ! ॥2॥

કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે !

જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! ॥3॥

વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે !

જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! ॥4॥

વાસુદેવ ગોવિંદ જય જય વાસુદેવ ગોવિંદ !

જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ ! ॥5॥

રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ !

વૃંદાવનચંદ્ર, જય રાધે ગોવિંદ ! ॥6॥

માધવ મુકુંદ, જય માધવ મુકુંદ !

આનંદકંદ જય માધવ મુકુંદ ! ॥7॥

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

## અષ્ટક

અનન્ત-કોટીન્દુ-રવિપ્રકાશે,

ધામ્ન્યક્ષરે મૂર્તિમતાક્ષરેણ ।

સાર્ધં સ્થિતં મુક્તગણાવૃતં ચ,

શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥1॥

બ્રહ્માદિ-સંપ્રાર્થનયા પૃથિવ્યાં,

જાતં સમુક્તં ચ સહાક્ષરં ચ ।

સર્વાવતારેષ્વવતારિણં ત્વાં,

શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥2॥

દુષ્પ્રાપ્યમન્યૈઃ કઠિનૈરુપાયૈઃ,

સમાધિસૌખ્યં હઠયોગમુખ્યૈઃ ।

નિજાશ્રિતેભ્યો દદતં દયાલું,

શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥3॥

લોકોત્તરૈર્ભક્તજનાંશ્ચરિત્રૈ,

રાહ્લાદયન્તં ચ ભુવિ ભ્રમન્તમ્ ।

યજ્ઞાંશ્ચ તન્વાનમપારસત્ત્વં,

શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥4॥

એકાન્તિકં સ્થાપયિતું ધરાયાં,

ધર્મં પ્રકુર્વન્તમમૂલ્યવાર્તાઃ ।

વચઃસુધાશ્ચ પ્રકિરન્તમૂર્વ્યામ્,

શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥5॥

વિશ્વેશભક્તિં સુકરાં વિધાતું,

બૃહન્તિ રમ્યાણિ મહીતલેસ્મિન્ ।

દેવાલયાન્યાશુ વિનિર્મિમાણં,

શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥6॥

વિનાશકં સંસૃતિબન્ધનાનાં,

મનુષ્યકલ્યાણકરં મહિષ્ઠમ્ ।

प्रवर्तयन्तं भुवि सम्प्रदायं,

श्रीस्वामिनारायणमानमामि ॥7॥

સદૈવ સારંગપુરસ્ય રમ્યે,

સુમન્દિરે હ્યક્ષરધામતુલ્યે ।

સહાક્ષરં મુક્તયુતં વસન્તં,

શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥8॥

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;

માહાત્મ્યજ્ઞાન યુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ॰1

મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;

દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ॰2

તુમ્હારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;

એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ॰3

નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;

એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ॰4

હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનો બાત;

દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ॰5

સહજાનંદ મહારાજ કે', સબ સત્સંગી સુજાણ;

તાકું હોય દૃઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ॰6

સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કરત હું, સુનિયો સબ ચિત્ત પ્રેય. ॰7

હિંસા ન કરની જન્તુકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ્ય. ॰8

વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહું કી, કલંક ન કોઈકું લગાત. ॰9

નિંદત નહિ કોય દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત. ॰10

એહી ધર્મકે નિયમ મેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રીસહજાનંદ પદ, છોડી ઓર સબ આસ. ॰11

રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત. ॰12

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય,
અક્ષરપુરુષોત્તમ મહારાજની જય,
ગુણાતીતાનંદ સ્વામી મહારાજની જય,
ભગતજી મહારાજની જય,
શાસ્ત્રીજી મહારાજની જય,
યોગીજી મહારાજની જય,
પ્રમુખસ્વામી મહારાજની જય,
મહંત સ્વામી મહારાજની જય...

## દંડવત્ કરતી વખતે બોલવાના શ્લોકો

કૃપા કરો મુજ ઉપરે, સુખનિધિ સહજાનંદ;
ગુણ તમારા ગાવવા, બુદ્ધિ આપજો સુખકંદ. ॰1

અક્ષરપુરુષોત્તમ અહીં, પૃથ્વી ઉપર પધારિયા;
અનેક જીવ ઉદ્ધારવા, મનુષ્યતન ધારી રહ્યા. ॰2

## ઈષ્ટદેવ અને ગુરુપરંપરાની વંદના-સ્તુતિ

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય મુક્તો લઈ,
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી,
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ.

જે છે અક્ષરધામ દિવ્ય હરિનું, મુક્તો-હરિ જ્યાં વસે,
માયાપાર કરે અનંત જીવને, જે મોક્ષનું દ્વાર છે;
બ્રહ્માંડો અણુતુલ્ય રોમ દિસતાં, સેવે પરબ્રહ્મને,
એ મૂલાક્ષર મૂર્તિને નમું સદા, ગુણાતીતાનંદને.

શ્રીમન્નિર્ગુણ-મૂર્તિ સુંદર તનૂ, જે જ્ઞાનવાર્તા કથે,
જે સર્વજ્ઞ, સમસ્ત સાધુગુણ છે, માયા થકી મુક્ત છે;
સર્વૈશ્વર્યથી પૂર્ણ, આશ્રિતજનોના દોષ ટાળે સદા,
એવા પ્રાગજી ભક્તરાજ ગુરુને, પ્રેમે નમું સર્વદા.

જેનું નામ રટ્યા થકી મલિન સંકલ્પો સમૂળા ગયા,
જેને શરણ થયા પછી ભવતણા, ફેરા વિરામી ગયા;
જેનું ગાન દશો દિશે હરિજનો, ગાયે અતિ હર્ષથી,
એવા યજ્ઞપુરુષદાસ તમને, પાયે નમું પ્રીતથી.

વાણી અમૃતથી ભરી મધુસમી, સંજીવની લોકમાં,
દૃષ્ટિમાં ભરી દિવ્યતા નિરખતા, સુદિવ્ય ભક્તો બધા;
હૈયે હેત ભર્યું મીઠું જનનીશું, ને હાસ્ય મુખે વસ્યું,
તે શ્રી જ્ઞાનજી યોગીરાજ ગુરુને, નિત્યે નમું ભાવશું.

શોભો સાધુગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.

શોભે સૌમ્ય મુખારવિંદ હસતું, નેણે અમી વર્ષતાં,
વાણી છે મહિમાભરી મૃદુ વળી, હૈયે હરિ ધારતા;
યોગીરાજ પ્રમુખજી હૃદયથી, જેના ગુણે રીઝતા,
વંદું સંત મહંત સ્વામી ગુરુને, કલ્યાણકારી સદા.

બ્રહ્મરૂપે શ્રીહરિનાં ચરણમાં અનુરાગીએ,
એવી જ આશિષ દાસભાવે હસ્ત જોડી માગીએ.